અપીલ અરજી નં.૧૧૬ તા.૨૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ ખાખરીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ ખાખરીયાની તા.૧૦–૫–૧૦ નીઅરજીથી (૧) ટી.પી.સ્કીમ નં.૪, ફા.પ્લોટ નં.૧૭૨ નું " બી " ફોર્મની નકલ. (૨) ટી.પી.સ્કીમ નં.૪, ફા.પ્લોટ નં.૧૭૨ નો પાર્ટ પ્લાનની નકલ. (૩) ફા.પ્લોટ નં.૧૭૨ પૈકીની જગ્યા રોડ એલાઈમેન્ટમાં કપાત ગયેલ છે તેની વિગત અને એવોર્ડ ચુકવવામાં આવેલ છે કે કેમ તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૧૬/૨૦૧૦–૧૧

શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ ખાખરીયાની તા.૧૦–૫–૧૦ નીઅરજીથી (૧) ટી.પી.સ્કીમ નં.૪, ફા.પ્લોટ નં.૧૭૨ નું " બી " ફોર્મની નકલ. (૨) ટી.પી.સ્કીમ નં.૪, ફા.પ્લોટ નં.૧૭૨ નો પાર્ટ પ્લાનની નકલ. (૩) ફા.પ્લોટ નં.૧૭૨ પૈકીની જગ્યા રોડ એલાઈમેન્ટમાં કપાત ગયેલ છે તેની વિગત અને એવોર્ડ ચુકવવામાં આવેલ છે કે કેમ તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતિ અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૯૨ તા.૨૯–૫–૧૦થી આપેલ માહિતીના મુદ્દા– નં.૩ ની મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૪૧ તા.૨–૭–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને અપીલ અરજીમાં જણાવ્યા મુજબ કપાત થયા અંગે તેમની કક્ષાએ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/એપેલેટ/આરટીઆઈ/અરજી નં.૯૨ તા.૧૩–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૯૨ તા.૨૯–૫–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પૂરક વિગતોમાં પત્રના સંદર્ભે કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૧૦–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકીર તરફથી પત્ર નં.ઈ.ઝેડ/૯૨ તા.૨૯–૫–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. (૧) ટી.પી.સ્કીમ નં.૪, ફા.પ્લોટ નં.૧૭૨ નું " બી " ફોર્મની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબ બ ફોર્મ મેળવવા માટે રૂા.૩૦૦/– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે. પરંતુ અરજદારે તે ભરપાઈ કરીને મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ માહિતી પક્ષકારો તરફથી અત્રે મળેલ નથી. (૨) ટી.પી.સ્કીમ નં. ૪, ફા.પ્લોટ નં.૧૭૨ નો પાર્ટ પ્લાનની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબ પાર્ટ પ્લાન મેળવવા રૂા.૫૦૦/– ભરપાઈ કર્યેથી આપવામાં આવશે. પરંતુ અરજદારે તે ભરપાઈ કરીને મેળવેલ છે કે કેમ? તે અંગે કોઈ માહિતી પક્ષકારો તરફથી અત્રે મળેલ નથી. (૩) ફા.પ્લોટ નં.૧૭૨ પૈકીની જગ્યા રોડ એલાઈમેન્ટમાં કપાત ગયેલ છે તેની વિગત અને એવોર્ડ ચુકવવામાં આવેલ છે કે કેમ તેની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની માહિતી ઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૨૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરી મળેલ પ્રતિભાવથી નિર્ણય ક્રમાંક ૩ થી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. પરંતુ મુદ્દા નં.૩ માં જાહેર માહિતી અધિકારીએ માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે જયારે અરજદાર કક્ષાએ તેમના દાવાના સમર્થનમાં આવા કોઈ આધાર રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૩ અંગે બાબત હેઠળની નગર રચના યોજનાના ફાયનલ પ્લોટને લગતા દફતરની તપાસણી દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અને તે પૈકી આ મુદ્દા પૂરતી કોઈ નકલની માંગણી કરે તો આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી વસુલ લઈ અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ ખાખરીયા,